નાઈરોબીના નૂતન જિનમંદિરમાં શ્રી મહાવીરસ્વામીની પાવન પધરામણી



આવો પધારો શ્રી મહાવીર જિનરાજ, નાઈરોબીના ભક્તજનો સૌ વધાવે આજ.

ફેબ્રુઆરી, ૧૯૮૦ ❁ આત્મધર્મ ❁ [૪૩૬] વર્ષ ૩૬ અંક ૮

# પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી

પ્રગટ સદાય કલ્યાણમય-શિવમય એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. ચૈતન્યપ્રભુ તો અનંત અનંત અમૃતનો દરીયો છે. સદાય કલ્યાણમય છે. એવા પરમાત્માને વિષે ધ્યાનાવલી હોવાનું-શુદ્ધપર્યાયો હોવાનું શુદ્ધનય કહેતો નથી. ધ્યાનપરિણતિ એ પર્યાય છે, એ શુદ્ધ પર્યાયો નવી નવી પ્રગટે છે અને આત્મા તો સદાય-ત્રિકાળ કલ્યાણમય શુદ્ધ જ છે, એના વિષે ધ્યાન કરવું, ધ્યાનનું વધવું, એવી ધ્યાનાવલી શુદ્ધનય કહેતો નથી. અમે તો સદાય કલ્યાણમય શુદ્ધ જ છીએ-એમ શુદ્ધનય જાણે છે. ભગવાનને રંજન કર એટલે ભગવાન આત્માનું ધ્યાન કર, આત્મામાં એકાગ્રતા કર—એમ શુદ્ધનય કહેતો નથી. ધ્યાનાવલી એટલે ધ્યાનની ધારા એ તો પર્યાય છે એ પર્યાયો—પરમાત્મતત્ત્વને વિષે હોવાનું શુદ્ધનય કહેતો નથી.

આહાહા! ભગવાન તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે—એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. કેમ કે એ પર્યાયો તારામાં નથી. તું તો ત્રિકાળી-તત્ત્વ સદાય કલ્યાણસ્વરૂપ શુદ્ધ જ છો. અરે પણ આ પંચમઆરો છે ને સભાને જોઈને વાત કરો! અરે ભાઈ સાંભળ...સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતા તો લજ્જા આવે છે. અરે! તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતા પણ લજ્જા આવે છે.

આહાહા! દિગંબર સંતોની વાણી જુઓ! મારફાડ કરતી ત્રિકાળી ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા! શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી. શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્વતત્ત્વને જ સ્વીકારે છે. આહાહા! ભાઈ તારા પૂર્ણ પ્રભુની વાત તો જો! બધાય

[ અનુસંધાન પાનું ૧૧ ઉપર ]

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૮




વીર સંવત
૨૫૦૬
A. D. 1980
FEB.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કેવળજ્ઞાન સાથે કેલિ કરતી જ્ઞાનજ્યોતિ

[ શ્રી સમયસાર શ્લોક-૧૧૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

भेदोन्मादं भ्रमरसभरान्नटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन ।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण ॥ ११२ ॥

જેણે મોહરૂપી મદિરા પીધી છે, જેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે, એ જીવ મિથ્યા શ્રદ્ધાના ભારના કારણે કર્મમાં ભેદ પાડે છે એટલે કે મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વના જોરને લઈને પુણ્ય ઠીક છે ને પાપ અઠીક છે એમ ભેદ પાડે છે. વ્રત-તપ-ભક્તિ ઠીક છે, તેનાથી હળવે હળવે આગળ જવાય—એમ અજ્ઞાની મોહરૂપી ગાંડપણને લઈને પુણ્ય-પાપમાં ભેદ પાડે છે.

પુણ્ય-પાપ બન્ને એક જ પ્રકાર છે પણ અજ્ઞાની તેમાં ભેદ પાડે છે. મિથ્યાત્વના જોરને લઈને અજ્ઞાની ગાંડપણાથી કર્મમાં ભેદ પાડે છે. વ્રત-તપ આદિ ઠીક છે ને પાપ ઠીક નથી એમ મિથ્યાત્વનો દારૂ પીધેલા અજ્ઞાની ભેદના ગાંડપણને નચાવે છે. પુણ્ય-પાપમાં ભેદ પાડે છે તે જ ગાંડપણ છે એમ આચાર્યદેવ અહીં કહે છે.

શુભ-અશુભ ભાવ ને કર્મ એ એક જ પ્રકાર છે, શુભ-અશુભમાં ભેદ નથી પણ મોહરૂપી મદિરા પીધેલા અજ્ઞાનીઓ ગાંડપણથી શુભ ને અશુભમાં ભેદ પાડે છે, પરંતુ એ જીવ સવળો પડે છે ત્યારે આત્માના પોતાના બળ વડે એટલે કે ધર્મી જીવ આત્મા તરફના બળ વડે મિથ્યાત્વનો એક અંશ ન રહે તે રીતે તેને મૂળથી ઉખેડી નાખે છે.

યાત્રાનો ભાવ સારો ને ઘરે બેઠા રહ્યા તે ભાવ ખરાબ એવો જે ભેદ પાડે છે તે મિથ્યાત્વના જોર ને ઘેલછાથી ભેદ પાડે છે. પરંતુ ભગવાન આત્માના આશ્રયે પોતાના બળ વડે ધર્મી જીવ શુભ ને અશુભ મૂળમાંથી ઉખેડી નાખે છે. ભગવાન ચૈતન્યમૂર્તિ આનંદનો બાદશાહ છે, તેનું જોર પુરુષાર્થમાં આવ્યું ત્યાં મિથ્યાત્વથી શુભ ને અશુભનો ભેદ પાડતો હતો તે હવે મૂળમાંથી ઉખેડી નાખે છે.

ચૈતન્યજ્યોતિનો આશ્રય થતાં પર્યાયમાં જ્ઞાનજ્યોતિ પ્રગટે છે કે જે અત્યંત સામર્થ્ય સહિત છે એટલે કે એ જ્ઞાનજ્યોતિને કોઈ પાછી પાડી શકે એમ નથી, એવી સામર્થ્યવાળી જ્ઞાનજ્યોતિ પ્રગટે છે. આત્મબળ વડે શુભાશુભના અંશને મૂળમાંથી ઉખેડી નાખીને જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્યવાળી પ્રગટે છે.

કેવી છે જ્ઞાનજ્યોતિ ?-કે રાગથી ધર્મ થાય એવો જે અજ્ઞાન અંધકાર તેને તો કોળિયો કરી નાખનારી જ્ઞાનજ્યોતિ છે. પુણ્ય-પાપમાં ભેદ પાડનારો જે અજ્ઞાન અંધકાર તેને ચૈતન્યપ્રકાશનો પ્રકાશ કોળિયો કરી ગયો છે. ચૈતન્યના પ્રકાશથી એ અજ્ઞાન અંધકાર નાશ થઈ ગયો. જેમ મોઢું મોટું ને કોળિયો નાનો, તેમ ચૈતન્યપ્રકાશનો પ્રકાશ મોટો ને પુણ્ય ઠીક છે ને પાપ અઠીક છે એવો અજ્ઞાન અંધકાર તે નાનો, તેને કોળિયો કરી નાખ્યો છે એટલે કે તેને મૂળમાંથી ઉખેડી નાખ્યો છે.

કઈ રીતે અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે ?-કે લીલામાત્રથી નાશ કર્યો છે. કાંઈક બહારની કષ્ટની ક્રિયાથી નાશ કર્યો છે એમ નથી પણ લીલામાત્રથી એટલે કે અંતરના સ્વાભાવિક પુરુષાર્થથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે, એનો જ્યાં સતકાર થયો, સ્વીકાર આવ્યો ત્યાં લીલામાત્રમાં તેની આનંદની શક્તિ વિકસતી જાય છે. લીલામાત્રથી એટલે કે શુદ્ધ સ્વભાવમાં રમતાં રમતાં શુદ્ધતા વધારી નાખી છે. શકિતરૂપે જે સ્વભાવ છે તેને લીલામાત્રથી-સ્વાભાવિક પુરુષાર્થથી પર્યાયમાં વ્યક્ત કરી નાખે છે.

ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થયો છે એ પ્રગટ દશા કેવળજ્ઞાન સાથે કેલિ કરે છે. આત્માના સ્વભાવના અનુભવની વિકસતી જતી પર્યાયે કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી

દીધી છે. સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું છે એ પર્યાય વધતી જ જાય છે ને વધતી વધતી કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે એવો જ એનો પુરુષાર્થ છે. જે અજ્ઞાનનો નાશ થયો એ તો ફરી ઉત્પન્ન નહીં થાય, પણ જે આ અલ્પદશા છે તેમાં પણ અમે નહીં રહી શકીએ તેમ કહે છે. જે આત્મજ્યોતિ પ્રગટ થઈ છે તે લીલામાત્રથી વિકસતી વિકસતી કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. ઉઘડેલું સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે, એટલે કે શુદ્ધતા વધીને કેવળજ્ઞાન લેશે જ. ભલે આ પંચમકાળ છે, તેથી એકાદભવ સ્વર્ગમાં–ધર્મશાળામાં ઉતારો કરીશું પણ ત્યાંથી નીકળીને કેવળજ્ઞાન લેશું જ. આ બાજુ અજ્ઞાનને મૂળમાંથી ઉખેડી નાખ્યું છે ને આ બાજુ અમે પૂરું કરીશું જ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશું જ. —એમ પંચમકાળના સંતો કહે છે.

આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં, જે દશા પ્રગટ થઈ તે વધતી વધતી કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. કેવળજ્ઞાન સાથે રમત માંડી દીધી છે. રાગ સાથે તો નહીં રમીએ પણ સાધક દશામાં ને દશામાં પણ નહીં રહીએ, અમે તો કેવળજ્ઞાન લેવાનું શરૂ કરી દીધું છે.

જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ છે ત્યાં સુધી કેવળજ્ઞાન નથી તેથી ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયથી પરોક્ષ ક્રીડા કરે છે એટલે કે શુદ્ધનયના જોરથી ભગવાન આત્મા પૂરણ કેવળજ્ઞાનઘન છે તેનું જોર આવ્યું છે તેથી વર્તમાન પર્યાયમાં પ્રગટ કેવળજ્ઞાન નથી છતાં તેની સાથે ક્રીડા કરે છે. પ્રત્યક્ષ કેવળજ્ઞાન અત્યારે તો નહીં પ્રતીતમાં કેવળજ્ઞાન આવ્યું છે અને એ શ્રેણીને શુદ્ધનયના આશ્રયે વધારતો જાય છે. અને કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ ક્રીડા કરે છે.

### ॥ સર્વ જીવો પૂર્ણાનંદને પામો ॥

દ્રવ્ય સંગ્રહમાં ટીકાકાર બ્રહ્મદેવ અપાયવિચય ધર્મધ્યાનના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે ધર્મીજીવ ધ્યાનમાં એમ વિચારે છે કે સર્વ જીવો સાધર્મી છે કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો, બધા જીવો સત્યના માર્ગે આવી જાવ! ને સુખી થાવ. કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા–૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાવ! આખો લોક જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાવ! આહાહા! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે. —પૂજ્ય ગુરુદેવ

# શુદ્ધાત્મ-અવલોકન

## 卐 जाण अलिंगग्गहणम् ।

[ ગતાંકથી ચાલુ ]

[ શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

### ❋ પ્રવચન બીજું ❋

[ વીર સં. ૨૫૦૪ કારતક વદ ૧૩, ગુરુવાર તા. ૮-૧૨-૭૭ નું પ્રવચન ]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રમાં ગાથા ૧૭૨ નો અલિંગગ્રહણનો પહેલો બોલ ચાલે છે. ભાઈ! આ વાતો ઝીણી ને અલૌકિક છે. પૂર્વે નહીં જાણેલી, પૂર્વે નહીં કરેલી એવી અપૂર્વ વાત છે. આ આત્મા ગ્રાહક એટલે કે જાણનાર છે, જાણનારને જાણવું લિંગ દ્વારા એટલે કે દ્રવ્ય-ઇન્દ્રિય ને ભાવ-ઈન્દ્રિય દ્વારા થતું નથી, કેમ કે ભાવ ને દ્રવ્ય ઇન્દ્રિય દ્વારા જે જાણે તે ખંડ ખંડ જ્ઞાન છે, તે આત્મજ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એ શબ્દો ઉપર વજન છે, એ તો અખંડ જ્ઞાનમય છે, એટલે તેને પરને જાણવું ને પર દ્વારા જાણવું એવું છે જ નહીં. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય અખંડ હોવાથી અતીન્દ્રિય જ્ઞાનથી તેને જાણવું થાય છે. જાણનારો અખંડ જ્ઞાનની પર્યાય દ્વારા, અખંડ વસ્તુ છે તેને એની જ અતીન્દ્રિય પર્યાય દ્વારા જ જ્ઞાન જ્ઞાનનું જાણવું કરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય. આ જ્ઞાનપ્રધાન કથન છે અને તેમાં પ્રતીતિ કરે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. આ જ્ઞેય અધિકાર છે તે સમ્યગ્દર્શનનો અધિકાર છે. પરનું લક્ષ છોડી દઈ સ્વને લક્ષે જે જાણવાનું કાર્ય થાય તે અખંડ જ્ઞાનમય છે. અતીન્દ્રિય જ્ઞાનમય છે તે ઈન્દ્રિય જ્ઞાનમય નથી. એ અસ્તિ-નાસ્તિથી કથન કર્યું. ઇન્દ્રિય દ્વારા જાણવું તે ખંડ ખંડ જ્ઞાન છે, તે ખંડ ખંડ જ્ઞાનમય આત્મા નથી. ખંડ ખંડ જ્ઞાન દ્વારા જાણે તે આત્મા નહીં, એ તો અનાત્મા છે. અતીન્દ્રિય જ્ઞાન દ્વારા અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું કરે એવો ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જાણવું કરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય, ત્યારે તેના જન્મ-મરણના અંત આવે.

ઇન્દ્રિય ને મન દ્વારા શાસ્ત્રને જાણે ત્યાં જાણવાનું કાર્ય થયું તે છે તો તેની પર્યાયનું, પણ શાસ્ત્રના જ્ઞાનને ઇન્દ્રિય-મનથી જાણીને જાણ્યું તે જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાનમય નથી. અગિયાર અંગ ને નવપૂર્વની લબ્ધિ થાય એ પણ ખંડ ખંડ જ્ઞાન છે, પરસત્તાવલંબી જ્ઞાન છે; તે પરસત્તાવલંબી જ્ઞાન ખરેખર બંધનું કારણ છે. ઇન્દ્રિયોથી

શાસ્ત્ર સાંભળ્યા, આંખેથી વાંચ્યા, કાનેથી સાંભળ્યા—એ જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન નહીં, એ જ્ઞાન આત્મજ્ઞાન નહીં, એ ખંડ ખંડ જ્ઞાન છે. તેથી પરમાત્મા અહીં ફરમાવે છે કે અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જાણવું કરે તે આત્મજ્ઞાન-સમ્યક્જ્ઞાન છે. આ સુખી થવાનો માર્ગ છે, બાકી બધાં દુઃખી થવાના માર્ગ છે. ઇન્દ્રિયથી જાણે એ દુઃખનો પંથ છે કેમ કે ઇન્દ્રિયથી જાણે એમાં આત્માના જ્ઞાનનો સ્વાદ જે આવવો જોઈએ તે આવતો નથી. અહીં 'અતીન્દ્રિય જ્ઞાનમય'—એ શબ્દ ઉપર ખાસ જોર છે. લિંગથી જાણતો નથી એટલે કે તે અતીન્દ્રિય જ્ઞાનમય છે ને તે અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું કરે છે, તેમાં જ આત્માની શાંતિ આવે છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં નિમિત્તનું એવું ઘણું કથન આવે છે કે આને આધારે આ છે. આકાશ ઘણાને અવગાહન આપે છે, આકાશને આધારે બધા દ્રવ્યો રહ્યાં છે—એમ કેટલાક લોકો કહે છે તેને કહે છે કે ઇન્દ્રિયને આધારે-અવલંબે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેતા નથી. ભગવાનની વાણી સીધી કાન દ્વારા સાંભળે અને જે જ્ઞાન થાય તે જ્ઞાન શબ્દોથી થતું નથી, તેની જ્ઞાનની પર્યાયની યોગ્યતાથી થાય છે છતાં તે જ્ઞાન ખંડ ખંડ જ્ઞાન છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ઇંદ્રિય જ્ઞાનમય નથી, ઇન્દ્રિય જ્ઞાનથી ભિન્ન છે.

અહીં આત્માને ભગવાન આત્મા કહેવાય છે તેથી કોઈ કહે કે અત્યારે તે કાંઈ ભગવાન કહેવાય? —ભાઈ! તારો સ્વભાવ તો ભગવાન જ છે, સ્વભાવ ભગવાન ન હોય તો પર્યાયમાં ભગવાનપણું ક્યાંથી આવશે? અતીન્દ્રિય જ્ઞાનની કેવળજ્ઞાનપર્યાય ક્યાંથી આવશે? અતીન્દ્રિય જ્ઞાનનું કાર્ય અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય સાધન થઈને થાય છે, એને ઇન્દ્રિય જ્ઞાનનું સાધન થાય અને કેવળજ્ઞાન પ્રગટે—એમ નથી. હજી તો શુભરાગની ક્રિયાથી મોક્ષમાર્ગ થાય એમ માને છે તેને કહે છે કે ભાઈ! તું ક્યાં અટક્યો? તારી વસ્તુની મહત્તા શું છે, કેટલી છે તેની મહિમા તને ન આવી. ખરેખર એ શુભરાગ એ પરદ્રવ્ય છે, પર છે, વિભાવ છે, વિકાર છે, આસ્રવ છે. આસ્રવથી કેવળજ્ઞાન ક્યારે થાય? આસ્રવનો નિરોધ તે સંવર છે, આસ્રવનો નિરોધ ક્યારે થાય?—કે અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું કરે ત્યારે આસ્રવનો નિરોધ થાય.

દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઇન્દ્રિય-જ્ઞાનથી રસ ચડયો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઇન્દ્રિય જ્ઞાન એ વ્યભિચાર છે. જડ ઇન્દ્રિય ને ભાવ-ઇન્દ્રિયનું લક્ષ છોડી દઈ ને અતીન્દ્રિય જ્ઞાનથી કામ લ્યે તેને જાણનારો—અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહાહા!

શું સરસ ટીકા છે ને શું સરસ વસ્તુ છે! સંતોએ જગતને આત્મા પ્રસિદ્ધ કરીને દેખાડયો છે. આ ટીકાનું નામ 'તત્ત્વદીપિકા' છે, તત્ત્વને બતાવનાર દીપક-દીવડો છે, તત્ત્વ જેવું છે તેવું તેમજ બતાવે છે, યથાર્થ બતાવે છે તેથી ટીકાને તત્ત્વદીપિકા નામ આપ્યું છે.

એ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે તેથી અતીન્દ્રિય જ્ઞાનથી જ જાણવું કરે છે, ઇન્દ્રિયને અડતુંય નથી, ઇન્દ્રિયો તો જડ છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું-ચુંબતું નથી તેથી અડીને તો નહીં જ પણ અડયા વિના-સ્પર્શ્યા વિના તે ઇન્દ્રિયો દ્વારા નિમિત્ત દ્વારા જ્ઞાન કરે તોપણ તે જ્ઞાન નથી. ઇન્દ્રિય જ્ઞાન દ્વારા જે જ્ઞાન થાય તેની પ્રતીતિ થાય તે મિથ્યાપ્રતીતિ છે. અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું કરે એ જ્ઞાનમાં પ્રતીતિ કરે તેને સમ્યગ્દર્શન કહીએ. આહાહા! શું સંતોની કહેવાની પદ્ધતિની રીત! થોડામાં મોટો સમુદ્ર સમાડી દીધો છે!

> ગ્રાહ્ય (જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨).

ગ્રાહ્ય એટલે જણાવાયોગ્ય એવો ભગવાન આત્મા તેનું ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી, તે અલિંગગ્રહણ છે. જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી એ વાત પહેલાં બોલમાં આવી ગઈ. હવે કહે છે કે જેનું એટલે કે આત્માનું લિંગ વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી, ઇન્દ્રિય વડે જણાય એવો આત્મા નથી. બીજી રીતે કહીએ તો ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય તેનાથી જેનું-આત્માનું જ્ઞાન થતું નથી; સમ્યક્જ્ઞાનમાં જણાવાયોગ્ય એવો ભગવાન આત્મા તે ઇન્દ્રિયજ્ઞાનથી પોતાને જાણી શકતો નથી. ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થયું તેનાથી પણ તે આત્મા જણાવાયોગ્ય નથી. ઇન્દ્રિય વડે તે આત્મા જણાય એવો આત્મા નથી. આહાહા! દિગંબર સંતોએ જંગલમાં રહીને અદ્ભુત કામ કર્યાં છે.

જે જણાવાયોગ્ય આત્મા છે તે ઇન્દ્રિયથી જણાવાયોગ્ય નથી, ઇન્દ્રિયથી જાણવાલાયક આત્મા છે જ નહીં. પહેલાં બોલમાં આત્મા ઇન્દ્રિયથી જાણવાનું કામ કરતો નથો એમ હતું અને આ બીજા બોલમાં ઇન્દ્રિયથી જેનું જ્ઞાન થતું નથી, એટલે કે ઇન્દ્રિયથી આત્મા જણાવાયોગ્ય નથી એમ કહે છે. બીજી રીતે કહીએ તો ઇન્દ્રિયોથી જે જાણવું થાય તેનાથી આત્મા જણાવાયોગ્ય નથી. ભાઈ! માર્ગ ઝીણો છે. જે જણાવાયોગ્ય છે તેને જાણ્યા વિના બધું થોથાં છે -મિથ્યા છે. જે કાંઈ વ્રત, તપ,

ભક્તિ, પૂજા કરે તે બધો સંસાર જ છે, રખડવાનું જ કારણ છે. અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન પણ ઇંદ્રિયજ્ઞાન છે, એવું જ્ઞાન અનંતવાર થયું છે. એક આચારાંગ નામનું સૂત્ર છે તેના એક સૂત્રના અઢાર હજાર પદ છે ને એક પદના એકાવન કરોડથી અધિક શ્લોક હોય છે તેવું એક આચારાંગ સૂત્ર; તેનાથી બમણા પદવાળું સૂત્રકૃતાંગ; એમ બમણા બમણા કરીને અગિયારમાં વિપાકસૂત્રાંગ સુધી સમજી લેવા, –એવા અગિયાર અંગનું જ્ઞાન તે પણ ઈન્દ્રિય જેમાં નિમિત્ત હતી એવું જ્ઞાન છે અને એ જ્ઞાનથી ભગવાન આત્મા જણાવાયોગ્ય નથી. જો એ જ્ઞાનથી ભગવાન આત્મા જણાવાયોગ્ય હોય તો અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન અનંતવાર થયું તો તેનાથી જણાવો જોઈએ પણ તેમાં જણાયો નહીં.

અહીં કહે છે કે જણાવાલાયક એવા ભગવાનનું –જ્ઞાનમાં જ્ઞેય થવાને લાયક એવા જેનું લિંગ વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. આત્માનો સ્વભાવ જ એવો છે કે ઇન્દ્રિયજ્ઞાનથી જણાવાલાયક એ આત્મા નથી. અહીં તો કોઈને થોડા શાસ્ત્ર આવડ્યા ત્યાં અહંકાર થઈ જાય છે. 'બહેનશ્રીનાં વચનામૃત'માં લખ્યું છે કે અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી, 'બહેનશ્રીનાં વચનામૃત' માં બીજે પણ લખ્યું છે કે ચેતીને રહેવું, 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.

અહીં કહે છે કે ઈન્દ્રિયોથી જે જ્ઞાન થયું, એ આવડતના ભાવથી આત્મા જણાય એવો નથી. ઈન્દ્રિયોથી શાસ્ત્રજ્ઞાન થયું એ આવડતથી આત્મા જણાય તેવો નથી. અહીં પોતાના આત્માને જાણવાની વાત ચાલે છે, બીજાના આત્માને જાણવાની વાત પહેલાં બોલમાં આવી ગઈ. અગિયાર અંગના કરોડો, અબજો શ્લોકો જેને કંઠસ્થ હોય, પાણીના પૂરની જેમ જે સ્વાધ્યાય કરે છતાં એ દ્વારા આત્મા જણાય એમ નથી. આવી વાત સાંભળીને શાસ્ત્રના જાણપણાના અભિમાનવાળાના પાણી ઊતરી જાય એવું છે.

આહાહા! જુઓ તો ખરા! દિગંબર સંતોની આ અદ્‌ભુત કથની! ગાથા ભગવાન કુંદકુંદાચાર્યદેવની છે ને ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની છે. તે ટીકામાં કહે છે કે આમાં અલિંગગ્રાહ્ય એટલે કે લિંગ દ્વારા જણાય એવો આત્મા નથી –એમ કહેવું છે, છતાં 'અલિંગગ્રહણ' શબ્દ કેમ વાપર્યો? અલિંગગ્રાહ્યમાં લિંગ દ્વારા જણાવાયોગ્ય તે આત્મા નથી, એ દ્વારા જાણવાયોગ્ય આત્મા નથી, એ દ્વારા જાણવું થતું નથી

એટલું કહેવું છે છતાં અલિંગગ્રાહ્યને બદલે અલિંગગ્રહણ શબ્દ વાપર્યો, કારણ કે અલિંગગ્રહણના ઘણા અર્થો ઉત્પન્ન થાય છે. એક જ અર્થ નહિ પણ એવા એવા વીસ અર્થ તો અહીં કહ્યા છે, બાકી વાત તો અપાર છે. મુનિરાજ જગતને જાહેર કરે છે કે પ્રભુ! ઇન્દ્રિયદ્વારા જણાય એવો તું નથી, તારું સ્વરૂપ એવું નથી. ઇન્દ્રિયોથી જાણેલું જે જ્ઞાન એ વડે પણ તું જણાવાયોગ્ય નથી. ભાઈ! તારે તારી દૃષ્ટિ ફેરવવી પડશે. એક બોલમાં પણ કેટલું અગાધ સમાડયું છે! દિગંબર સંતો સિવાય આવા અંતરના પેટ ખોલી શકે નહિ. ગ્રાહ્ય ને ગ્રહણ શબ્દમાં આટલો બધો અર્થનો ફેર છે. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમાં અધિકારમાં આવે છે કે સંસ્કૃત ને વ્યાકરણને જાણ્યું હોય તો શાસ્ત્રોના અર્થ વધારે ખ્યાલમાં આવે. પણ ત્યાં જે જાણવાનું કહ્યું છે તે શાસ્ત્રોના અર્થનો વધુ ખ્યાલ આવે તેટલી વાત છે પણ એથી આત્મા ખ્યાલમાં આવે એમ નથી. પણ અરેરે! એને કયાં પડી છે કે પોતાનું શું થશે? હું કયાં જઈશ ને શું થશે? આહાહા! એકલડો આવ્યો ને એકલડો જાશે ને એકલડો ત્યાં રહેશે. પણ એકલો રહેશે કયાં? જેણે 'ઇંદ્રિયના જ્ઞાન દ્વારા આત્મા જણાય'–એમાં રહ્યો હશે એ ચાર ગતિમાં રહેશે.

વધારે બોલતાં આવડે ને વધારે જાણવાની વાતો કરતાં આવડે એટલે જાણે મને જ જ્ઞાન વધારે છે એમ માને અને સાંભળનારને પણ એમ લાગે કે આને જ્ઞાન વધારે છે; પણ એ બધા ભ્રમણામાં પડયા છે. 'બહેનશ્રીનાં વચનામૃત'માં આવડતના બોલ બે જગ્યાએ લીધા છે. વચનામૃતનું પુસ્તક જગતને ઉપકાર માટે બહુ સારું આવ્યું છે, દિવ્યધ્વની દ્વારા જે લાખો શાસ્ત્રોનું રહસ્ય આવ્યું છે તે આમાં આવ્યું છે અને સરળ ભાષામાં સરસ રીતે ગોઠવાઈ ગયું છે.

ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, ઇન્દ્રિય પ્રત્યક્ષથી જે જ્ઞાન થાય એનો વિષય આત્મા નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષથી જે જ્ઞાન થયું તે જ્ઞાનનો આત્મા વિષય નથી. ભલે બોલતા ન આવડે પણ જે થોડું જાણપણું હોય તે સત્ય હોવું જોઈએ. અતીન્દ્રિય જ્ઞાનથી આત્મા જણાય એ સમજાવતા ન આવડે કે બોલતા ન આવડે તેથી જે જણાયું તે કાંઈ ખોટું ન થાય. અતીંદ્રિય જ્ઞાન દ્વારા પોતે જણાય એવો છે, ઇન્દ્રિય જ્ઞાન દ્વારા એ જણાય એવો આત્મા જ નથી. એનો સ્વભાવ જ એવો નથી. અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન એ ઇન્દ્રિય જ્ઞાન દ્વારા જણાય એવો એનો સ્વભાવ જ નથી.

આ રીતે આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષથી જે જ્ઞાન થયું કે 'આ મેં ભગવાનને જોયા, આ મેં સમવસરણ જોયું, આ મેં ભગવાનની વાણી

સાક્ષાત્ સાંભળી ' તો કહે છે કે એ ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય જ આત્મા નથી. ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય એવું જે જ્ઞાન એનોય આત્મા વિષય નથી. આહાહા ! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરવાની વાતો કરી છે.

ઇન્દ્રિયો વડે જેનું ગ્રહણ થતું નથી તે ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. ભાવ-ઇંદ્રિય, જડ-ઇંદ્રિય અને ભગવાનની વાણી ને ભગવાન, સ્રી કુટુંબ ને દેશ -એ બધા ઇંદ્રિયો -એને જીતવી એટલે કે તેનો આશ્રય છોડી અને અતીન્દ્રિય એવા ભગવાનનો આશ્રય લેવો ત્યારે તેને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થાય. આ એ સમ્યગ્દર્શનનો અધિકાર છે. અહીં જાણવાની અપેક્ષાએ વાત લીધી છે પણ એ જાણવામાં જ્ઞાનની પર્યાય અતીન્દ્રિય છે.

એકના એક પુસ્તકમાં એક જગ્યાએ લખે કે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાથી આત્મા જણાય ને બીજી જગ્યાએ અહીં લખે કે ઇન્દ્રિયો દ્વારા-જાણવું થતું નથી તો આમ કેમ છે? -તો તેને કહે છે કે ભાઈ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મા જણાય નહીં પણ એ તો નિમિત્તથી વાત કરી છે. આ બન્ને કથન શ્રી પ્રવચનસારના જ છે પણ કઈ અપેક્ષા એ કથન છે તે જાણવું જોઈએ. ત્યાં કહ્યું છે અરિહંત ભગવાનને મન દ્વારા જાણ્યા પછી એનું લક્ષ છોડી સ્વસન્મુખ થાય ત્યારે આત્માનું જ્ઞાન થાય છે. એ રીતે ઇંદ્રિયપ્રત્યક્ષનો વિષય આત્મા નથી એવા અર્થની અલિંગગ્રહણ શબ્દમાંથી પ્રાપ્તિ થાય છે એમ આ બીજા બોલમાં કહેવાયું. (ક્રમશઃ)

---

[ અનુસંધાન ટાઈટલ ૨ નું ચાલુ ]

આત્માઓ સદાય કલ્યાણમય જ છે પણ એ વાત બહુ થોડાને બેસે છે. આહાહા! ધ્યાનાવલીની પર્યાયો જે ધર્મધ્યાન શુક્લધ્યાન આદિ નિર્મળ પર્યાય છે કેવળજ્ઞાનની પર્યાય છે એને પણ શુદ્ધનય સ્વીકારતો નથી. ધ્યાનાવલીની પર્યાયો હોવાનું માત્ર વ્યવહારનયે સતત કહ્યું છે. પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું શુદ્ધનય કબૂલતો નથી. પર્યાયમાં કેવળજ્ઞાન ને સિદ્ધદશા થઈ જાય એને પણ શુદ્ધનય કબૂલતો નથી-સ્વીકારતો નથી. એ પર્યાય આત્મામાં હોવાનું માત્ર વ્યવહારનયે સતત કહ્યું છે. દયા-દાન-વ્રતાદિ વ્યવહાર મોક્ષનું કારણ કથન માત્ર છે અને ધ્યાનાવલી-શુદ્ધ પર્યાય એ મોક્ષનું ખરેખર કારણ છે તોપણ શુદ્ધનય એ પર્યાયને કહેતો નથી-સ્વીકારતો નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી.

# પર્યાયમાં તદ્ભાવરૂપ અધ્યવસાન જ બંધનું કારણ

શરીરાદિ પરદ્રવ્યો મારા છે એવી એકત્વબુદ્ધિનો અધ્યવસાન એ એક જ જીવને બંધનું કારણ છે. શરીરાદિ પરદ્રવ્યો બંધનું કારણ નથી પણ પરને પોતાના માનવારૂપ અધ્યવસાન જ બંધનું કારણ છે. પરંતુ અધ્યવસાનમાં આશ્રયભૂત પરદ્રવ્ય જ હોય એટલે કે સ્વદ્રવ્યના આશ્રયે અધ્યવસાન ન થાય પણ પરદ્રવ્યના આશ્રયે—પરદ્રવ્યના લક્ષે જ અધ્યવસાન થાય છે, તેથી બાહ્ય-વસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો—એમ કહેવામાં આવે છે. જીવને બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ પરદ્રવ્ય હોવાથી, અધ્યવસાનના ત્યાગ માટે પરનું લક્ષ છોડાવવા બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવે છે.

જીવને બંધનું કારણ એની પર્યાયમાં જે અતદ્ભાવરૂપ હોય તે કેમ હોય? બાહ્યવસ્તુ તો જીવની પર્યાયમાં પણ અતદ્ભાવે છે તેથી તે બંધનું કારણ નથી. પરંતુ જીવની પર્યાયમાં રાગાદિ મલિનભાવો તદ્ભાવરૂપ હોવાથી તે એક જ બંધનું કારણ છે.

[ શ્રી સમયસાર ગાથા ૨૬૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

અધ્યવસાય તે બંધનું એક કારણ ને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ —એમ માનવું યોગ્ય નથી, પરંતુ જીવની પર્યાયમાં જે તદ્ભાવરૂપ છે એવો અધ્યવસાન એક જ બંધનું કારણ છે એમ અહીં સમજાવે છે:

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,<br>
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

શરીરાદિમાં એકત્વબુદ્ધિનો અધ્યવસાન એક જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમ કે બંધનું કારણ તો એકત્વબુદ્ધિ છે. પરવસ્તુમાં એકત્વબુદ્ધિ એ સંસારનુ મૂળ છે. બાહ્યવસ્તુ બંધનું કારણ નથી પણ બંધભાવમાં બાહ્યવસ્તુ નિમિત્ત

છે, બાહ્યવસ્તુના લક્ષે બંધભાવ થાય છે તેથી નિમિત્ત છે પણ બંધનું કારણ બાહ્યવસ્તુ નથી. એકત્વબુદ્ધિમાં પરવસ્તુ નિમિત્ત છે.

પર પદાર્થ મારા છે એવી એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે. એકત્વબુદ્ધિનો અધ્યવસાન જ બંધનું કારણ છે. બાહ્યવસ્તુ બંધનું કારણ છે જ નહીં. -તો પ્રશ્ન એમ થાય છે કે જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો 'બાહ્યવસ્તુનો ત્યાગ કરો, પ્રસંગ ન કરો' -એમ બાહ્ય વસ્તુનો નિષેધ કેમ કર્યો છે? તેનું સમાધાન :-અધ્યવસાનના નિષેધ માટે બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનના ત્યાગ માટે, લક્ષ છોડાવવા બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવે છે. બાહ્યવસ્તુ અધ્યવસાનને આશ્રયભૂત છે પણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન ઊપજતું નથી. જેમ વીરજનનીના પુત્રને હું મારું છું એવો અધ્યવસાન હોય પણ હું વંધ્યાપુત્રને હણું છું એવો અધ્યાવસાન તો ઊપજતો નથી. કેમ કે શૂરવીરની માતાનો પુત્ર તો છે પણ વાંઝણીને પુત્ર જ છે નહીં તો તેને મારવાનો અધ્યવસાન ક્યાંથી હોય? તેથી એવો નિયમ છે કે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન ઊપજતું નથી. તેથી અધ્યવસાનના નિષેધને માટે બાહ્યવસ્તુનો અત્યંત નિષેધ છે કેમ કે બાહ્યવસ્તુ કારણ ને અધ્યવસાન કાર્ય છે. તેથી કારણના નિષેધથી કાર્યનો નિષેધ થાય છે. બાહ્યવસ્તુ બંધના કારણનું કારણ છે અર્થાત બંધના કારણરૂપ જે અધ્યવસાન છે તેનું નિમિત્ત બાહ્યવસ્તુ છે તોપણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.

નિમિત્તકારણરૂપ બાહ્યવસ્તુને છોડે ને અધ્યવસાનને ન છોડે એવું દ્રવ્યલિંગપણું તો અનંતવાર ધારણ કર્યું. અહીં તો અધ્યવસાન છોડાવવા તેના નિમિત્તકારણનો નિષેધ કરવામાં આવે છે. આત્મા સિવાય જેટલા અનંત પરપદાર્થો છે તે તો પર્યાયમાં છે જ નહીં ને તેનો હું ત્યાગ કરું છું એ તો મિથ્યાત્વ છે.

બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. કેમ કે જેમને પ્રચુર આનંદનું વેદન છે એવા મુનીન્દ્ર ઈર્યાસમિતિમાં પરિણમેલા છે ને તેઓ ચાલતા હોય તે વખતે કાળપ્રેરિત વેગથી આવતા કોઈ જીવની હિંસા થવા છતાં મુનિને બંધનું કારણ નથી. જો બાહ્યવસ્તુ બંધનું કારણ હોય તો મુનિને બંધ થવો જોઈએ. જેને રાગ ને પરદ્રવ્ય સાથે એકત્વ-બુદ્ધિ છે તે એકત્વબુદ્ધિમાં પરદ્રવ્ય નિમિત્ત છે, છતાં પરદ્રવ્ય બંધનું કારણ નથી. જો બંધનું કારણ બાહ્યવસ્તુ હોત તો ઝડપથી ઊડતું કાળપ્રેરિત કોઈ જીવડું ઈર્યાસમિતિ પાળતાં ભાવલિંગી સંતના પગ નીચે આવીને મરે તો તેમને પણ બંધ થવો જોઈએ, પણ મુનિને બંધ થતો નથી.

આમ નિશ્ચયથી બાહ્યવસ્તુ બંધનું કારણ યથાર્થપણે સિદ્ધ થતું નથી. બાહ્યવસ્તુ જીવને અતદ્‌ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ નથી. જેમ પર્યાયમાં રાગ તદ્‌ભાવરૂપ છે તેમ બાહ્યવસ્તુ જીવને તદ્‌ભાવરૂપ નથી. દ્રવ્યગુણમાં તો બાહ્યવસ્તુનો અતદ્‌ભાવ છે જ પણ પર્યાયમાં પણ બાહ્યવસ્તુ અતદ્‌ભાવરૂપ છે. ત્રિકાળી ધ્રુવમાં વર્તમાન પર્યાયનો પણ અતદ્‌ભાવ છે ને વર્તમાન પર્યાયમાં બાહ્યવસ્તુ અતદ્‌ભાવરૂપ છે, માટે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. પર્યાયમાં પરદ્રવ્ય છે જ નહીં તો તેનો ત્યાગ શું કરે? હા, પર્યાયમાં રાગ છે તેથી તેનો ત્યાગ કરે તેને પણ ૩૪મી ગાથામાં કથનમાત્ર ત્યાગ કહ્યો છે. કેમ કે સ્વરૂપની દૃષ્ટિ કરતાં રાગ ઉત્પન્ન જ થતો નથી તેથી રાગનો ત્યાગ પણ નામમાત્ર કથન છે. પોતાના નિરુપાધિ સ્વરૂપમાં સ્થિર થયો ત્યાં રાગ ઉત્પન્ન થયો નહીં તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. પરંતુ પરદ્રવ્યનો ત્યાગ તો નામમાત્ર કથનથી પણ નથી. કેમ કે પરદ્રવ્ય તો પર્યાયમાં પણ છે જ નહીં, જે પર્યાયમાં છે એવા રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી ચિદાનંદપ્રભુની એકતાબુદ્ધિ થઈ ત્યાં રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થયો ત્યાં રાગ ઉત્પન્ન થયો જ નહીં તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે.

પોતાના દ્રવ્ય–ગુણમાં તો પરદ્રવ્ય નથી. અરે! વર્તમાન પર્યાય પણ દ્રવ્ય–ગુણમાં નથી, નિર્મળ પર્યાયનો પણ દ્રવ્ય–ગુણમાં પ્રવેશ નથી, તો મલિન પર્યાય તો ક્યાં રહી? હવે મલિન પર્યાય છે તેમાં પણ પરદ્રવ્ય તો અતદ્‌ભાવરૂપ છે. તેથી પરદ્રવ્ય બંધનું કારણ નથી. પર્યાયમાં હોય તે બંધનું કારણ હોય, બાહ્યવસ્તુ તો પર્યાયમાં પણ છે નહીં, માટે બંધનું કારણ નથી. પરંતુ અધ્યવસાન કે જે જીવને તદ્‌ભાવરૂપ છે માટે તે બંધનું કારણ છે. અજ્ઞાનીને પર્યાયમાં અધ્યવસાન તદ્‌ભાવરૂપ છે, રાગની ને પરની એકતાબુદ્ધિ-રૂપ અધ્યવસાન પર્યાયમાં છે માટે અધ્યવસાન બંધનું કારણ છે.

બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એ સિદ્ધ કરવું છે. કેમ નથી?–કે પર્યાયમાં જે હોય તે બંધ–મોક્ષનું કારણ હોય. બાહ્યવસ્તુ બંધનું કારણ નથી ને બાહ્યવસ્તુનો ત્યાગ તે મોક્ષનું કારણ નથી. પર્યાયમાં કર્મનો, શરીરનો, વાણીનો, મનનો પણ અભાવ છે. ત્યારે બંધનું કારણ શું? કે પરદ્રવ્ય મારા છે એવો અધ્યવસાન પર્યાયમાં છે તે બંધનું કારણ છે. શરીરની ક્રિયા કે શરીર પોતાની પર્યાયમાં નથી તેથી તેનાથી બંધાતો નથી. મેં શરીરની ક્રિયા કરી એવો ભાવ તે બંધનું કારણ છે.

સ્ત્રી–પુત્ર–પૈસા ને દેવ–શાસ્ત્ર–ગુરુનો તો પોતાની પર્યાયમાં અભાવ છે ને જેનો પોતાની પર્યાયમાં અભાવ હોય તેનાથી બંધ–મોક્ષ થતો નથી. પરને મારી શકું, જીવાડી શકું એવો જે ભાવ છે તે અધ્યવસાન છે, તે પોતાની પર્યાયમાં તદ્‌ભાવરૂપ છે, તેનાથી

બંધ થાય છે. પરંતુ આખી દુનિયાનો પોતાની પર્યાયમાં અતદ્‌ભાવ છે, તેનાથી બંધ થતો નથી.

અધ્યવસાન પોતાની પર્યાયમાં તદ્‌ભાવરૂપ છે તેથી તેનાથી બંધ થાય છે અને સમકિતીને મિથ્યાત્વનો નાશ થતાં—પરમાં એકત્વબુદ્ધિ રૂપ અધ્યવસાન જતાં પર્યાયમાં જે રાગ છે તે ચારિત્રગુણનો દોષ છે, અસ્થિરતાનો દોષ છે, તે પોતાની પર્યાયમાં છે તેથી તે બંધનું કારણ છે, પરંતુ બાહ્યવસ્તુ છે તે તો પર્યાયમાં પણ નથી, તેથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. અરે! ખરેખર તો કર્મ પણ બંધનું કારણ નથી કેમકે કર્મ તો પરદ્રવ્ય છે ને પરદ્રવ્ય તો પોતાની પર્યાયમાં પણ નથી, તેથી કર્મ બંધનું કારણ નથી.

અધ્યવસાયમાં પરદ્રવ્યનો આશ્રય છે પણ પરદ્રવ્ય બંધનું કારણ છે એમ નથી, કેમ કે પરદ્રવ્યો તારી પર્યાયમાં છે જ નહીં, અતદ્‌ભાવ છે. પર્યાયમાં અનંત પરદ્રવ્યો છે જ નહીં, તેથી તેનો ત્યાગ જ છે. છતાં અધ્યવસાનના ત્યાગ માટે પરદ્રવ્યનો ત્યાગ કરવા કહ્યું છે, પરના ત્યાગથી અધ્યવસાનનો ત્યાગ થતો નથી પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા પરનું લક્ષ છોડાવવા, જ્યાં પરનો ત્યાગ કરવા કહ્યું છે ત્યાં પરના આશ્રયનો ત્યાગ કરાવવો છે, કેમ કે અધ્યવસાનને પરદ્રવ્યનો આશ્રય છે. તે આશ્રયનો ત્યાગ કરવવા બાહ્યત્યાગની વાત કરી છે. પરંતુ જેની દૃષ્ટિ બાહ્યત્યાગ ઉપર પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

શરીરની ક્રિયા બંધનું કારણ નથી, કેમ કે તે પોતાની પર્યાયમાં નથી પણ તે વખતે દેહની ક્રિયા હું કરું છું એવી એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તે પર્યાયમાં છે અને તે બંધનું કારણ છે, એકત્વબુદ્ધિ છૂટી ગયા પછી સમકિતીને જે રાગ રહે છે તે પોતાની પર્યાયમાં છે અને તે બંધનું કારણ છે. દસમે ગુણસ્થાને લોભનો અંશ છે તે બંધનું કારણ છે પ્રભુ!

બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે. રાગ ને પરદ્રવ્ય મારા છે એવો જે મિથ્યાત્વભાવ તે જીવને બંધનું કારણ છે. બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. આત્મા અને શરીર તથા કર્મ એક ક્ષેત્રે રહ્યાં હોવા છતાં આત્માથી ભિન્ન હોવાના કારણે શરીર કે કર્મ બંધનું કારણ નથી પણ પર્યાયમાં શરીર તે હું-એવો જે મિથ્યા-અધ્યવસાય તે જીવને બંધનું કારણ છે. જે ચીજ પોતામાં નથી એ ચીજ મારી છે એમ માનવું તે અનંત સંસારમાં પરિભ્રમણનું કારણ છે. તેથી એમ સિદ્ધ થયું કે પરમાં એકત્વબુદ્ધિ એ મહાસંસારનું-બંધનનું કારણ છે.

## કેવળ જ્ઞાયક તે જ હું

સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે પરંતુ આ જ્ઞેય ઇષ્ટ-અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લ્યે છે. આવા જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધને લીધે એકીસાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ—એકરૂપપણે જ રહ્યો છે. અનાદિથી જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાય રહ્યો છે. તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવાયોગ્ય નથી.

[ શ્રી પ્રવચનસાર ગાથા ૨૦૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આચાર્ય મહારાજ અહીં જ્ઞેય-અધિકાર પૂરો કરે છે. જ્ઞેય-અધિકાર એ દર્શન અધિકાર છે. તે અહીં પૂરો કરતાં થકા 'હું સામ્યને પ્રાપ્ત કરું છું' એવી પાંચમી ગાથામાં કરેલી પૂર્વપ્રતિજ્ઞાનો નિર્વાહ કરતા થકા પોતે પણ મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મપ્રવૃત્તિ કરે છેઃ—

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,<br>
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

આચાર્યદેવ કહે છે કે હું આ મોક્ષાધિકારી! અમૃતચંદ્રાચાર્યદેવ તો ભગવાન પાસે ગયા પણ ન હતા છતાં આમ કહે છે?–કે પોતાના ભગવાન પાસે ગયા હતા ને!

તેથી કહે છે હું આ મોક્ષાધિકારી! હું મોક્ષનો અધિકારી છું. જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાન પૂર્વક એટલે કે જેવો જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્મા છે તેને આત્મજ્ઞાન પૂર્વક મમત્વના ત્યાગરૂપ—પરદ્રવ્યનો ત્યાગ ન કહ્યો, કેમ કે પરદ્રવ્ય તો પોતાની પર્યાયમાં છે જ નહીં તેથી પરદ્રવ્ય મારા છે એવી મમતાના ત્યાગરૂપ—અને નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિ વડે—આ વિધિ વડે—સર્વ ઉદ્યમથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છું. બીજું કાંઈ પણ કરવાયોગ્ય નથી.

પ્રથમ તો સ્વભાવથી હું જ્ઞાયક જ છું. મારો પ્રભુ જ્ઞાયકસ્વભાવી છે, જાણનાર–દેખનાર છે. હું કેવળ જ્ઞાયક જાણન–દેખન સ્વભાવી હોવાથી મારે વિશ્વના સમસ્ત પદાર્થ સાથે કેવળ જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધ છે. વિશ્વ જ્ઞેય છે ને હું જ્ઞાતા છું, વિશ્વ દૃશ્ય છે ને હું દૃષ્ટા છું. પર મારી ચીજ છે કે હું તેનો કર્તા છું એ વાત નથી, કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે. સર્વજ્ઞદેવ પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એટલો જ સંબંધ છે.

પ્રથમ તો હું સ્વભાવથી જ જ્ઞાયક છું. તેથી વિશ્વની સાથે પણ મારે સહજ જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે. ત્રિલોકનાથ ભગવાન મારું જ્ઞેય ને હું જ્ઞાયક એવો સંબંધ છે, પણ એ મારા દેવ છે ને હું તેનો સેવક છું એવો સંબંધ નથી. આમાં અવિનય થાય છે?–કે ના, ના, એ જ સાચો વિનય છે. ભગવાન આત્માનું બહુમાન કરીને તેમાં એકાગ્ર થવું એ સાચો વિનય છે, દેવ–ગુરુનો વિનય તો ઉપચાર વિનય છે. આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્ર સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવું તે ધર્મ છે, દેવ–ગુરુનો વિનય તે પુણ્ય છે અને અજ્ઞાનીનો કુદેવનો વિનય તે પાપ છે–એમ ત્રણ પ્રકારના વિનય છે. ત્રણ લોકના નાથ વિનય કરવા લાયક છે ને હું વિનય કરનારો છું એમ નહીં પણ તેઓ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું–આટલો સંબંધ છે એમ સ્વભાવમાં ઝૂલતાં ઝૂલતાં આચાર્યદેવ કહે છે.

મારે ને પરને સ્વસ્વામિ સંબંધ નથી. હું કર્તા છું ને પરદ્રવ્યની પર્યાય મારું કર્મ છે એવું નથી, પરદ્રવ્ય કર્તા ને મારા પરિણામ કર્મ છે એવુ નથી. માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. પરિણામ–પરિણામી સંબંધ પણ છે નહીં. વિકાર મારા પરિણામ ને હું પરિણામી એવો સંબંધ નથી. વિકાર જ્ઞેય ને હું જ્ઞાયક એવો સંબંધ છે. હું શ્રદ્ધા કરનારો ને ભગવાન શ્રદ્ધા કરવાલાયક એવો શ્રદ્ધા શ્રદ્ધેય સંબંધ નથી. હું જાણનારો ને ભગવાન જ્ઞેય એટલો સંબંધ છે. ચારિત્ર–ચર્યા સંબંધ પણ નથી. પ્રમેય–પ્રમાણ એટલો વ્યવહાર સંબંધ છે. પર વસ્તુ પ્રમેય–જાણવા લાયક ને હું જાણનાર–પ્રમાણ એટલો ઉપચરિત વ્યવહાર સંબંધ છે. નિશ્ચયથી તો જ્ઞાતા હું, જ્ઞાન હું ને જ્ઞેય હું. હું જાણનારો ને ભગવાન જ્ઞેય એ ઉપચરિત વ્યવહાર છે.

મારામાં સ્વસ્વામિલક્ષણ સંબંધ નામનો ગુણ છે, તેથી મારી નિર્મળ પર્યાયનો હું સ્વામિ છું. પરંતુ પર સાથે મારે સ્વસ્વામિ લક્ષણ આદિ સંબંધો નથી. તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી. દેવ ગુરુ પણ મારા છે એમ મમત્વ નથી. હું તો સર્વત્ર નિર્મમત્વ જ છું. મારે કોઈ સાથે સ્વસ્વામિલક્ષણ આદિ સંબંધો નથી, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

આહાહા ! આ તો દિવ્યધ્વનિનો સાર છે, કહે છે કે મારે તો સર્વત્ર નિર્મમત્વ જ છે.

જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત અર્થાત્ અનંત દ્રવ્યોની ક્રમેક્રમે પ્રવર્તતી, અનંત, ભૂત-વર્તમાન-ભાવિ વિચિત્ર પર્યાયસમૂહ એટલે કે ક્ષણમાં હરણને ફાડવાની પર્યાય ને ક્ષણમાં સમ્યગ્દર્શનની પર્યાય ! એવી વિચિત્ર પર્યાયોવાળા અગાધસ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. કેવી રીતે જાણે છે ?-કે જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, લોકાલોક જાણે કે જ્ઞાયકમાં ચીતરાઈ ગયા હોય, એક સમયની જાણવાની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો જાણે ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, જ્ઞાનમાં જાણે કે સમાઈ ગયા હોય, લોકાલોક જાણે કે જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. ભવિષ્યની પર્યાય થઈ નથી તેને પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. આહાહા ! જ્ઞાનનો કોઈ અદ્ભૂત મહિમા છે.

જ્ઞેય-જ્ઞાયક સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી કે જ્ઞેયો-જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય હોવાથી સમસ્ત વિશ્વને જાણવાં છતાં જ્ઞાયક છે તે એકરૂપતાને છોડતો નથી. અનાદિથી જ્ઞાયક જ્ઞાયકપણે જ રહ્યો છે. પર્યાયમાં જ્ઞાયક જણાય ત્યારે જ્ઞાયક જ્ઞાયકપણે રહ્યો છે એમ નહીં પણ દ્રવ્ય તો અનાદિનું જ્ઞાયકભાવે જ રહ્યું છે. મોહ વડે મિથ્યાત્વને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્ય રીતે મનાય છે તોપણ વસ્તુ તો વસ્તુ જ છે, જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે.

પ્રભુ ! તું જ્ઞાયકસ્વભાવી વસ્તુ છો, અનાદિ એવો ને એવો જ જ્ઞાયકપણે જ રહ્યો છો, પણ મોહને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્યથા કલ્પીને તને અન્યથા માની રહ્યો છો. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ જ છે. અનાદિ સંસારથી આ જ સ્થિતિએ એટલે કે જ્ઞાયકપણે જ શુદ્ધ આત્મા રહ્યો છે, મોહને લઈને જે બીજી રીતે મનાય છે, તે મોહને મૂળથી ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો શુદ્ધ આત્માને જેવો છે તેવો જ પ્રાપ્ત કરું છું—એમ આચાર્યદેવ કહે છે.

# ક્રમબદ્ધપર્યાય

## પોતાની વાત

'ક્રમબદ્ધપર્યાય' બીજાઓને માટે એક સિદ્ધાન્ત હોઈ શકે, એકાન્ત હોઈ શકે, અનેકાન્ત હોઈ શકે, મજાક હોઈ શકે, રાજનીતિ હોઈ શકે, પુરુષાર્થપ્રેરક કે પુરુષાર્થનાશક હોઇ શકે છે, અધિક શું કહીએ, કોઈને કાળકૂટ ઝેર પણ હોઈ શકે છે. કોઈને માટે કાંઇ પણ હો-પણ મારા માટે તે જીવન છે, અમૃત છે; કેમકે મારું વાસ્તવિક જીવન, અમૃતમય જીવન, આધ્યાત્મિક જીવન-એના જ્ઞાન, એની પકડ અને એની આસ્થાથી જ શરૂ થયું છે.

'ક્રમબદ્ધપર્યાય'ની સમજણ મારા જીવનમાં ફક્ત વળાંક લાવનારી જ નહિ, પરંતુ તેને નખશિખ બદલી નાખનારી સંજીવની છે. મારી દૃઢ માન્યતા છે કે જેની સમજણમાં એનું સાચું સ્વરૂપ આવશે, એ તથ્ય સાચા રૂપે જાગૃત થશે-તેનું જીવન પણ આનંદમય, અમૃતમય થયા વિના નહિ રહે.

એ જ કારણે હું એને ઘર ઘર સુધી નહિ, પરંતુ પ્રત્યેક જન સુધી પહોંચાડી દેવા ઇચ્છું છું; એને પ્રત્યેક જનની વસ્તુ બનાવી દેવા ઇચ્છું છું.

એના સંબંધમાં વગર વિચાર્યે કરવામાં આવતી હલકી ચર્ચા, હંસી-મજાક મને સ્વીકાર્ય નથી, પસંદ પણ નથી. એને લૌકિક ધરાતળથી કાંઈક ઉપર જઈને સમજવું પડશે, સમજાવવું પડશે. એના સંબંધમાં સામાજિક-રાજનીતિથી કાંઈક ઉપર આવીને વાત કરવી પડશે.

મારી સમજણમાં તે કેવી રીતે આવી-એની પણ એક કહાણી છે, આ પ્રસંગે જેનો ઉલ્લેખ કરવાનો લોભ રોકી શકવો મારા માટે સંભવિત નથી.

વાત આમ બની કે અમે ઉત્તર પ્રદેશના એક ગામ બબીનાકેન્ટ (ઝાંસી) માં દુકાન ચલાવતા હતા. વાત ઈ. સં. ૧૯૫૬ ના દશેરાના આસપાસની છે. મારા મોટા ભાઈ પંડિત રતનચંદજી શાસ્ત્રી દુકાનનો માલ લેવા ઝાંસી ગયા હતા. ત્યાં એક વ્યકિતએ તેમને પ્રશ્ન કર્યો કે જો કેવળી ભગવાને જેવું દેખ્યું-જાણ્યું કહ્યું છે, તેમજ થશે; તેમાં કોઈ ફેરફાર સંભવ નથી તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો ? જો આપણે કાંઈ કરી જ નથી શકતા તો પછી આપણે કાંઈ કરીએ જ શા માટે ?

પ્રશ્ને તેમના હૃદયને હલાવી નાખ્યું. તે સ્તબ્ધ થઇ ગયા. તેના ઉત્તરમાં તેમણે જેમ તેમ કાંઇ પણ કહીને પાંડિત્ય-પ્રદર્શન ન કરતાં એ જ કહ્યું-ભાઇ! તમે વાત તો

બરાબર કહો છો, હું અત્યારે એના વિષયમાં કાંઈ પણ કહી શકતો નથી, આવતા શનિવારે આવીશ ત્યારે વાત કરીશ.

તે તો ચાલ્યો ગયો, પણ તેઓ આખા રસ્તે વિચાર કરતા રહ્યા. આવતાં જ કોઈ બીજી વાત કર્યા વિના, મને સીધો તે જ પ્રશ્ન કર્યો. હું પણ વિચારમાં પડી ગયો. પરસ્પર ચર્ચા ચાલતી રહી પણ વાત કાંઈ બેઠી નહિ.

સાંજના પ્રવચનમાં જ્યારે મેં એ જ ચર્ચા કરી ત્યારે એક અભ્યાસી બાઈ બોલી—એમાં શું છે? એ તો કાનજીસ્વામીની ક્રમબદ્ધપર્યાય છે. તે વખત સુધીમાં અમે કાનજી સ્વામીનું નામ તો સાંભળ્યું હતું પણ ક્રમબદ્ધપર્યાયનું તો નામ પણ સાંભળ્યું નહોતું. તેથી જ્યારે વધારે જિજ્ઞાસા બતાવી એટલે તેમણે મંદિરજીમાંથી 'આત્મધર્મ'ના તે બે વિશેષાંક લાવીને આપ્યા જેમાં 'ક્રમબદ્ધપર્યાય' ઉપર થયેલા સ્વામીજીના તેર પ્રવચનો પ્રકાશિત થયા હતા. પ્રથમ અંકમાં આઠ પ્રવચન હતાં અને બીજામાં પાંચ. આ અંક ઇ. સન્ ૧૯૫૪–૫૫ માં જ નીકળ્યા હતા. પાછળથી તો તે જ પ્રવચન 'જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ' નામે પુસ્તકાકારે પણ પ્રકાશિત થયા.

તે વાંચીને તો અમારા હૃદય-દ્વાર ખૂલી ગયા. એમ લાગ્યું કે અમને કોઈ અપૂર્વ ખજાનો મળી ગયો છે. અમે કૃતકૃત્ય થઈ ગયા. પછી શું થયું ત્યારથી ગંભીર અધ્યયન, મનન, ચિંતન, ચર્ચા-વાર્તા શરૂ થઈ ગયા. એનો રસ કંઈક એવો લાગ્યો કે યુવાનીની ઉમરના બધા રસ ફીકા પડી ગયા. 'ક્રમબદ્ધપર્યાય'ની ધૂનમાં વ્યાપારનો ક્રમ અવ્યવસ્થિત થઈ ગયો. ગ્રાહક આવીને ચાલ્યા જતા કેમ કે તેની વાત ઉપર ધ્યાન દેનાર જ કોઈ રહ્યું નહોતું. તેના ગયા પછી વિચાર આવતો કે આ રીતે તો આખો ય વેપાર નષ્ટ થઈ જશે, પણ એ જ વખતે ક્રમબદ્ધની યાદ આવતી અને બોલી ઉઠતા—જે ક્રમબદ્ધમાં થવાનું હશે, તે જ તો થશે.

આ રીતે શરૂ થયેલો અધ્યયન-મનનનો ક્રમ ચાલ્યો તે ચાલતો જ રહ્યો. ફળ સ્વરૂપે નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, કર્તા-કર્મ આદિ બધાનું સાચું સ્વરૂપ સ્પષ્ટ થતું ચાલ્યું, ક્યાંય કાંઈ રૂકાવટ રહી નહિ. બાદમાં સ્વામીના સાન્નિધ્યનો લાભ પણ મળ્યો.

સર્વ પ્રથમ સ્વામીજીના દર્શન ત્યારે થયા જ્યારે તેઓ ઈ. સં. ૧૯૫૭ માં શિખરજીની યાત્રા ઉપર નીકળ્યા હતા. બબીના પડાવ ઉપર કાર્યક્રમ વિના જ તેમને સડક ઉપર પરાણે રોકી લીધા હતા. ત્યાં અમે કલાકો પહેલાં જ સ્ટેજ બનાવી લીધું હતું અને ત્યાં આખો ય સમાજ હાજર હતો. સ્વામીજીએ ત્યાં ફક્ત પાંચ મિનિટનું માંગલિક પ્રવચન કર્યું હતું.

તેમની જ સાથે અમે બધા પણ સોનાગિર ચાલ્યા આવ્યા. ત્રણ દિવસ સુધી ત્યાં તેમના પ્રવચનોનો લાભ સહકુટુમ્બ લીધો. તેમની સાથે સામાન્ય ચર્ચા પણ કરી. તેના કેટલાક દિવસો પછી ચાંદખેડીમાં તેમના પ્રવચનોનો લાભ મળ્યો. તે વખતે મારું દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજાનું પુસ્તક પ્રકાશિત થયું હતું, તેની જયમાળામાં ક્રમબદ્ધપર્યાયની પોષક કેટલીક પંક્તિઓ આવે છે. જે આ પ્રમાણે છેઃ-

"જો હોના હૈ સો નિશ્ચિત હૈ, કેવળજ્ઞાનીને ગાયા હૈ,
ઉસ પર તો શ્રદ્ધા લા ન સકા, પરિવર્તનકા અભિમાન કિયા,
બન બન પરકા કર્તા અબ તક, સત્‌કા ન પ્રભો સન્માન કિયા."

મેં આ મારી પ્રથમ પ્રકાશિત કૃતિ સ્વામીજીને અર્પણ કરી હતી. તેના સમર્પણમાં લખ્યું હતું :-

"તે પૂજ્ય શ્રી કાનજી સ્વામીના કરકમળોમાં સાદર સમર્પિત, જેમણે કળિકાળમાં 'ક્રમબદ્ધપર્યાય'નું સ્વરૂપ સમજાવીને અમારા જેવા પામર પ્રાણીઓ ઉપર અનંત ઉપકાર કર્યો છે."

જ્યારે મેં ઉક્ત કૃતિ ચાંદખેડીમાં સ્વામીજીને સમર્પિત કરી ત્યારે તેમણે સમર્પણ વાંચીને પ્રસન્નતા કરતાં કહ્યુંઃ-

"તમે ક્રમબદ્ધપર્યાયને જાણો છો?" તેના ઉત્તરમાં જ્યારે મેં ઉત્સાહપૂર્વક 'હા' કહી, ત્યારે કહેવા લાગ્યા-સોનગઢ આવજો, ત્યાં ચર્ચા કરીશું. તેમનું હાર્દિક આમંત્રણ મળવાથી મારું હૃદય ગદગદ થઈ ગયું.

હું કોટા સુધી તેમની સાથે ગયો. તેમનો ત્યાં ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. તેમના પ્રવચનોનો લાભ લેવા માટે હું પણ ત્યાં ત્રણ ચાર દિવસ રહ્યો. ત્યાંની વિશાળ સભામાં તેમની સમક્ષ મારું પણ ૧૫ મિનિટનું વ્યાખ્યાન થયું, જેમાં મેં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભની વ્યાખ્યા કરી હતી, જેની પાછળથી ખૂબ પ્રશંસા કરવામાં આવી. સ્વામીજીએ પણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ત્યાર પછી સન્ ૧૯૫૮ના જુલાઈ માસમાં ૨૦ દિવસ માટે અનેક આત્માર્થી બધુંઓની સાથે અમે બન્ને ભાઈઓ સોનગઢ ગયા.

'ક્રમબદ્ધપર્યાય'ની વાત સમજણમાં આવ્યા પહેલાં અમે શ્રી કુન્દકુન્દાચાર્યનું નામ તો સાંભળી લીધું હતું, પરંતુ તેમનો કોઈ ગ્રંથ વાંચવાની વાત તો ઘણી દૂર હતી, જોયો પણ નહોતો. જો કે એ વખતે કાંઈ ઉમર પણ વધારે નહોતી, ૨૦, ૨૧ વર્ષના જ હતા; પણ શાસ્ત્રી, ન્યાયતીર્થ અને સાહિત્યરત્ન તો થઈ જ ગયા હતા. પંડિત કહેવાતા

હતા, વ્યાખ્યાન પણ ખૂબ આપતા હતા, લોકપ્રિય વ્યાખ્યાતા હતા; પણ જિનધર્મના મર્મથી અપરિચિત જ હતા.

કરીએ પણ શું ? ન તો પાઠયક્રમમાં આચાર્ય કુંદકુંદનો કોઈ ગ્રંથ હતો કે ન ક્યાંય આધ્યાત્મિક ચર્ચાનું વાતાવરણ હતું. સામાજિક નિન્દા–પ્રશંસા જ ચાલ્યા કરતી હતી, જૈન સમાજની બધી પત્ર–પત્રિકાઓ તેનાથી જ ભરેલી રહેતી હતી. અમે પણ તેના જ રસિક હતા, અમને પણ આધ્યાત્મિક રુચિ ક્યાં હતી ! પિતાજીની રુચિથી જૈનદર્શનનો અભ્યાસ કર્યો હતો, તે ભાષા અને પરિભાષાઓમાં શીખી ગયા હતા, ભાવાત્મકરૂપે કાંઈ પણ હાથમાં આવ્યું નહોતું. શરૂઆતથી જ ક્ષયોપશમ વિશેષ હતો જ, તેથી કોઈપણ વ્યાખ્યાન પડકાર વિના પૂરું થતું નહોતું. સમજણમાં શાસ્ત્રોનો મર્મ તો નહિ, પણ માન તો આવી જ ગયું હતું.

જો 'ક્રમબદ્ધપર્યાય' ની વાત ધ્યાનમાં ન આવત તો કોણ જાણે શું થાત ? થાત શું, બધું એમ જ ચાલ્યા કરત, અને મૂલ્યવાન માનવભવ એમને એમ ચાલ્યો જાત. પણ જાત શાનો કેમકે અમારી પર્યાયના ક્રમમાં 'ક્રમબદ્ધપર્યાય' ની વાત સમજણમાં આવવાનો કાળ પાકી ગયો હતો.

ત્યાર પછી તો આ જ કારણે અનેક સામાજિક ઉપદ્રવોનો પણ સામનો કરવો પડયો, શારીરિક બિમારીઓ પણ ઓછી નહોતી આવી, પણ 'ક્રમબદ્ધ'ની શ્રદ્ધાના બળે આત્મબળ કદી તૂટયું નહિ. 'ક્રમબદ્ધ'પર્યાયની શ્રદ્ધા એક એવી સંજીવની છે જે દરેક સ્થિતિમાં ધૈર્ય ટકાવે છે, શાન્તિ આપે છે, કર્તૃત્વનો અહંકાર તોડે છે, જ્ઞાતા–દૃષ્ટા બની રહેવાની પાવન પ્રેરણા આપે છે–અધિક શું, એમ કહોને, કે જીવનને સફળ અને સાર્થક બનાવી દે છે.

ગત તેવીસ વર્ષોથી 'ક્રમબદ્ધપર્યાય' ની શ્રદ્ધા નિરંતર ટકી રહી છે, કદી પણ એક ક્ષણ માત્ર તેના સંબંધમાં ચિત્ત ખસ્યું નથી. જો કે આ સમય દરમ્યાન ચિંતનમાં, મનનમાં, અધ્યયનમાં વિસ્તૃત વિકાસ થયો છે, પણ શ્રદ્ધામાં કોઈ ફેર પડયો નથી.

'ક્રમબદ્ધપર્યાય' ના સંબંધમાં મારા દ્વારા ૧૯૭૯ ના આરંભથી જ નિરંતર જે કાંઈ લખવામાં આવી રહ્યું છે, તે બધું ગત તેવીસ વર્ષોના અધ્યયન, મનન, ચિંતનનું પરિણામ છે. તેથી પાઠક બધુંઓને મારો એક વિનમ્ર અનુરોધ છે કે તેઓ આને માત્ર વાંચી જ ન જાય, પરંતુ વારંવાર અભ્યાસે, વિચારે, મંથન કરે, એના ઊંડાણમાં જાય, એની ચર્ચા પણ કરે, પણ ગંભીરતાથી કરે–એને હાસ્ય મજાકનો વિષય ન બનાવે, પ્રતિષ્ઠાનો વિષય પણ ન બનાવે.

જો અત્યાર સુધી એનો વિરોધ કરતા રહ્યા હોય, તોપણ એના સ્વીકારમાં હારનો અનુભવ ન કરે, કેમકે એના સ્વીકારમાં હારમાં પણ જીત છે. એના સહજ સ્વીકારમાં જીત જ જીત છે, હાર છે જ નહિ.

એના નિર્ણયમાં સર્વજ્ઞતાનો નિર્ણય સમાયેલો છે, સર્વજ્ઞકથિત વસ્તુસ્વરૂપનો નિર્ણય સમાહિત છે. મુક્તિનો માર્ગ શરૂ કરવા માટે જે કાંઈ પણ આવશ્યક છે, તે બધું એની શ્રદ્ધામાં આવી જાય છે.

ગત તેવીસ વર્ષોમાં સેંકડો વાર એના ઉપર વ્યાખ્યાન કર્યા છે, તેમને લિપિબદ્ધ કરવાના આગ્રહ પણ શ્રોતાઓના ઘણા થયા છે, પણ અત્યાર સુધી આ બધું લખી શકાયું નહોતું. 'આત્મધર્મ'ના તંત્રી લેખ લખવાની અનિવાર્યતાએ એને લખાવી નાખ્યું છે.

જો એક પણ આત્માર્થી આનાથી 'ક્રમબદ્ધપર્યાય'નું સાચું સ્વરૂપ સમજી શકશે તો હું મારો શ્રમ સાર્થક સમજીશ.

આ લખવામાં હું સંપૂર્ણપણે સજાગ રહ્યો છું. સર્વ પ્રથમ આ નિબંધ જાન્યુઆરી ૧૯૭૯ માં ૧૬ પૃષ્ઠો માં (૨૦૦ પ્રતિઓ) પ્રકાશિત કર્યો હતો. એલાચાર્ય મુનિશ્રી વિદ્યાનન્દજીના સાંનિધ્યમાં જયપુરમાં થનાર સેમિનારમાં તેને રજુ કર્યો હતો. ઉક્ત સેમિનારમાં આવેલા બધા વિદ્વાનોને તો આપ્યો જ હતો, બીજાપણ અનેક પ્રતિષ્ઠિત વિદ્વાનોની સેવામાં નીચે પ્રમાણે નિવેદન કરીને મોકલ્યો હતો:—

"આ નિબંધ હજી અપૂર્ણ છે. આવશ્યક સંશોધન અને પરિમાર્જન પણ બાકી છે. શીઘ્ર પ્રકાશિત થનારા આ નિબંધના સંદર્ભમાં વિદ્વાનોની મહત્ત્વપૂર્ણ સલાહ, સુઝાવ, સૂચનાની અનુરોધપૂર્વક અપેક્ષા રાખવામાં આવે છે. અમે વિશ્વાસ આપીએ છીએ કે એના પ્રકાશન પહેલાં પ્રાપ્ત સુઝાવો ઉપર ગંભીરતા પૂર્વક વિચાર કરી આવશ્યક સંશોધન અવશ્ય કરવામાં આવશે."

પરિણામસ્વરૂપ અનેક વિદ્વાનોના પત્ર આવ્યા, જેમાં કેટલાક સુઝાવ પણ હતા, બાકી પ્રશંસા જ વધુ હતી.

તેમના ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને એને આગળ વધારવામાં આવ્યો. વચ્ચે પણ કેટલુંક પરિવર્દ્ધન થયું. એ રીતે એ ૨૫ પૃષ્ઠનો થઈ ગયો. જેને ફરીવાર છપાવીને ફરી એકવાર વિદ્વાનો પાસે મોકલવામાં આવ્યો. તેમાં પણ નીચે પ્રમાણે અનુરોધ કરવામાં આવ્યો હતો:—

"આ નિબંધ આપની (વિદ્વાનોની) સેવામાં આવશ્યક સુઝાવ અને સલાહ માટે લગભગ બે માસ પહેલાં મોકલવામાં આવ્યો હતો, ત્યારે તે ૧૬ પૃષ્ઠનો હતો. હવે એ

પરિવર્દ્ધિત થઈને આ રૂપે થઈ ગયો છે; પરંતુ હજીય અપૂર્ણ છે. હજી પણ અમે આપના મહત્ત્વપૂર્ણ સુઝાવોની અપેક્ષા રાખીએ છીએ આમેય તે અત્યારે આત્મધર્મમાં સંપાદકીય લેખ રૂપે પ્રકાશિત થઈ જ રહ્યો છે, પાછળથી તેને પુસ્તકાકારે પ્રકાશિત કરવાની યોજના છે, પહેલાં જેમ નિવેદન કરવામાં આવ્યું હતું તેમ અમે વિશ્વાસ આપીએ છીએ કે પુસ્તકાકારે પ્રકાશિત થયા પહેલાં પ્રાપ્ત સુઝાવો ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને આવશ્યક સંશોધન, પરિવર્દ્ધન અવશ્ય કરવામાં આવશે.”

આત્મધર્મના પાઠકોના પણ અનેક પત્ર પ્રાપ્ત થયા. બધાને ધ્યાનમાં રાખીને એનો વિસ્તાર કરવામાં આવ્યો. આ વિષય આ યુગમાં પૂજ્ય શ્રી કાનજી સ્વામીએ ઉઠાવ્યો હતો, તેથી તેમના તાજા વિચાર પણ પાઠકો સુધી પહોંચે—એ ભાવનાથી તેમની આ સંદર્ભમાં એક મુલાકાત પણ લેવામાં આવી કે જે આત્મધર્મના ગત અંકમાં પ્રકાશિત થઈ ગયેલ છે.


આ વર્ષ મારા માટે ‘ક્રમબદ્ધ વર્ષ’રૂપે આવ્યું. આત્મધર્મમાં સંપાદન લેખ રૂપે નિરંતર એની ચર્ચા કરવાને કારણે આ સમય ગાળામાં જ્યાં જ્યાં પ્રવચન માટે ગયો, ત્યાં જનતાના આગ્રહથી ‘ક્રમબદ્ધપર્યાય’ પર જ પ્રવચન કરવા પડયા. શ્રી સમ્મેદ-શિખરજી, મુંબઈ, રાજકોટ, સતના, અજમેર–ત્યાં સુધી કે સોનગઢ શિબિરમાં પણ સતત દશ દિવસ સુધી ક્રમબદ્ધપર્યાય ઉપર પ્રવચન ચાલ્યા. જયપુરમાં તો પૂરું વર્ષ આ વિષયની ચર્ચાનો વિષય બની રહ્યું છે. જિજ્ઞાસુ શ્રોતાઓ અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓના આગ્રહથી એના ઉપર અનેક પ્રવચનો પણ કર્યા છે. તેમની સાથે ચર્ચાઓ પણ ખૂબ થઈ.

‘ક્રમબદ્ધમય’ વાતાવરણ રહ્યા કરવાથી પણ એના સંદર્ભમાં પૂરતું ચિંતન ચાલતું રહ્યું. તે ઘણું ખરું આમાં આવી ગયું છે. હજી બીજું પણ ઘણું બાકી છે, જે આગામી અંકોમાં પ્રશ્નોત્તર રૂપે આવશે.

આ રીતે એને સર્વાંગ બનાવવાનો ભરપૂર પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. છતાં પણ જો કોઈ કમી રહી ગઈ હોય તો બધા જિજ્ઞાસુ પાઠકો અને સન્માનનીય વિદ્વાનોને સાનુરોધ આગ્રહ છે કે તેઓ તે તરફ અમારું ધ્યાન આકર્ષિત કરે. આ વર્ષના અંત સુધીમાં એના પુસ્તકાકારે પ્રકાશનની યોજના છે; તેના પહેલાં પ્રાપ્ત સુઝાવોનો ઉપયોગ એને પરિષ્કૃત કરવામાં અવશ્ય આવશે. અમે નથી ઇચ્છતા કે એમાં કોઈ ખામી રહી જાય.

જૈનદર્શનના સર્વાધિક મહત્ત્વપૂર્ણ ગભીર આ વિષયને નિર્વિવાદરૂપે સર્વાંગ પ્રસ્તુત કરવાની ભાવનાથી જ આ અનુરોધ કરવામાં આવ્યો છે. આશા છે કે વિદ્વાનો એના ઉપર ધ્યાન આપશે.

અંતે આ પવિત્ર ભાવના સાથે મારી વાત સમાપ્ત કરું છું કે આખું જગત ‘ક્રમબદ્ધપર્યાય’નું સાચું સ્વરૂપ સમજીને સ્વભાવ-સન્મુખ થઈને અનંત સુખી થાય.




પ્રશ્નઃ—રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે?

ઉત્તરઃ—જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઉપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય–ચેતક–જ્ઞેય–જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમકે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ–ક્રોધાદિ–કષાય ભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમકે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશક સ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલા કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે તે વ્યવહારથી વાત કરી પણ ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પર પ્રકાશકતા જ્ઞાન પ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધ સ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો

જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞા છીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે.

પ્રશ્નઃ-રાગને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી ?

ઉત્તરઃ-પોતે ઉંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે.

* અંદર આત્મામાં અતીન્દ્રિય આનંદ પડયો છે એને છોડીને જગત બહારના પદાર્થોમાં આનંદ લેવા મથે છે. ચુરમાના લાડવા ને પત્તરવેલીયાના ભજીયા ખાઈને ઓડકાર કરીને ખુશી ખુશી થાય. અરે ભાઈ! તેં બહારમાં આનંદ માનીને તારા આત્માનું ખૂન કરી નાખ્યું !

* જે કારણપરમાત્મા સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજયધ્વજાને લુંટનારો છે, તે કારણપરમાત્મા ત્રિકાળ નિરાવરણ નિરંજન નિજ પરમ પંચમ-ભાવને કયારેય છોડતો નથી અને પંચપરાવર્તનરૂપ સંસારની વૃદ્ધિના હેતુભૂત કર્મપુદ્દગલના સંયોગથી ઉત્પન્ન થતા રાગાદિ ભાવોને ગ્રહણ કરતો નથી. પરમપારિણામિક ભાવ રાગાદિ ઉદયભાવને કદી ગ્રહતો જ નથી અને પરમ પંચમ-ભાવને કદી છોડતો નથી.

પ્રશ્નઃ-દ્રવ્યસ્વભાવમાં વિકાર છે જ નહિ ને કારણપરમાત્માને પાપરૂપ બહાદુર શત્રુ-સેનાને લુંટનારો કેમ કહ્યો ?

ઉત્તરઃ-એ તો પર્યાયથી વાત કરી છે. પર્યાયમાં રાગાદિભાવો છે તે સ્વભાવ સન્મુખ ઢળતા ઉત્પન્ન જ થતા નથી, તેને નાશ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે. દ્રવ્ય સ્વભાવમાં તો રાગાદિ ભાવો કે સમ્યગ્દર્શન, ચારિત્ર, કેવળજ્ઞાન કે સિદ્ધ પર્યાય એ કોઈ પર્યાય દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ, સંસાર-મોક્ષ એ બધી પર્યાયોની રમતું છે. દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયો છે જ નહિ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એકરૂપ છે. એને નથી કાંઈ ગ્રહવું કે નથી કાંઈ છોડવું. જ્ઞાયકભાવ તો શાશ્વત છે જ–ત્રણ કષાયનો અભાવ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા દિગમ્બર સંતોએ અંતરની વાત અજબ ગજબની કરી છે. આવી વાત દિગમ્બર સંતો સિવાય ભરતક્ષેત્રમાં બીજે કયાંય નથી. એ દિગમ્બર સંતો કહે છે કે બધા જીવો સુખી થાવ. કોઈ જીવ દુઃખી ન થાવ, બધાય જીવો મુક્ત દશાને પામો ! દરેક આત્માઓ મુક્ત સ્વભાવી જ છે. જેમ ચોખા અને કળથીને ઉત્પન્ન થવાની જમીન જુદી હોય છે. તેમ ચોકખો એટલે મુક્ત ઉત્પન્ન થવાનું સ્થાન ચોકખુ, એટલે મુક્ત સ્વ-રૂપથી જ છે. તેના આશ્રયથી મુક્તિ ઉત્પન્ન થાય છે.

* કોઈ છરી લઈને મારવા આવે તો ડર લાગે, સર્પને દેખે તો ડર લાગે, વીંછીને દેખે તો ડર લાગે, શત્રુને દેખે તો ડર લાગે, આકરા રોગને દેખે તો ડર લાગે, પણ જે અનંતા ભવ કરાવનાર છે એવા મિથ્યાત્વભાવનો એને ડર લાગતો નથી. એ ડર જેને લાગે તે સ્વભાવનું શરણ શોધવા જાય.

* સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મ-તત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વ નય સંબંધી અનેક પ્રકારના વિચારો શુદ્ધ તત્ત્વના એ પણ પ્રપંચ છે, એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મ-તત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિ-રૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ! તું તો સદાય પરમાત્મસ્વરૂપ જ છો.

* આખી દુનિયાનો માથે ભાર ઉપાડીને ચાલે તેને પ્રભુ કહે છે કે રાગનો એક કણ જે પરના લક્ષે થાય છે તેનો કર્તા આત્મા નથી. આહાહા! આ વાત કોને બેસે! જેને ભવના દુઃખોથી અંદર ત્રાસ ત્રાસ થતો હોય એને પ્રભુની આ વાત અમૃત જેવી લાગે.

* ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ છે, તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આહાહા! આકરી વાત છે ભાઈ! અશુભ રાગ તો ઘોર સંસારનું મૂળ છે જ પણ અહીં કહે છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે એટલે કે શુભ ભાવો અનેક પ્રકારના છે તે પણ ઘોર સંસારનું મૂળ છે. આત્મધ્યાન તે મોક્ષનું મૂળ છે તો તેની સામે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસાર મૂળ છે. દયા-દાન-પૂજા-પઠન-પાઠન-વ્રત આદિ અનેક પ્રકારના શુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. ધ્યાન તે પર્યાય છે અને ધ્યેય તે દ્રવ્ય છે એવા અનેક પ્રકારના વિકલ્પોવાળું શુભ તપ છે એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ધ્યાનમાં અનેક પ્રકારની કલ્પના કરે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આત્મા આવો છે, આવો છે-એમ અનેક પ્રકારથી કલ્પના કરે તે પણ કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા! આચાર્યદેવ નિયમસારમાં કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે. તમારે સમજવું હોય તો સમજો. વસ્તુસ્થિતિ તો આવી છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું જે કાંઈ શુભાશુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. આવું જાણીને જે બુદ્ધિમાન પુરુષો છે તે સહજ પરમાનંદ રૂપી પીયુષના પૂરમાં લીન થઈ સહજ

એક પરમાત્મસ્વરૂપનો આશ્રય કરે છે.

* પ્રશ્નઃ–આ બધું જણાય છે પણ આત્મા કેમ જણાતો નથી?

ઉત્તરઃ– આ બધું જણાય છે એમ જાણનારો કોણ છે? જે સત્તામાં આ બધું જણાય રહ્યું છે એનો જાણનારો જણાતો નથી એ જ ભ્રમણા છે. આ શરીર છે, આ મકાન છે, આ ધન છે, આ સ્ત્રી–પુત્ર છે, આદિ જે બધું જણાય છે એ શેમાં જણાય છે? આ બધું જણાય રહ્યું છે તે જાણનારની સત્તામાં જણાય છે, જાણનારની સત્તાની મુખ્યતામાં આ બધું જણાય છે. એ જાણનારને જાણે નહિ–માને નહિ એ ભ્રમણા જ ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ છે, શરીરાદિ બધું તો જાણનારથી ભિન્ન વસ્તુ છે, તેનાથી ભિન્ન રહીને જાણનારો પોતાની સત્તામાં ઉભો રહીને જાણે છે. એ જાણનારને જાણે, માને તો એને ચોરાશીના અવતારથી રખડવાનું છૂટે.

* શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસીક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે અને મુક્તિ પણ પર્યાય છે. એ પર્યાય આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો એટલે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. નિયમસાર ગાથા ૫૦ માં કહે છે કે શુદ્ધ નિશ્ચયના બળે ઉદય ભાવો તો હેય છે જ પણ ઉપશમ આદિ ભાવની નિર્મળ પર્યાય છે તે પણ હેય છે. શુદ્ધનિશ્ચયના બળે ચારે ભાવ વિભાવભાવ હેય છે તેમ કહ્યું છે. અહીં કહે છે કે મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક એટલે અનુભવી પુરુષો કહે છે.

* નિશ્ચયથી પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને શુદ્ધાત્માની આરાધના સિવાયનું બધુંય અણાચાર છે. શાસ્ત્રસ્વાધ્યાય ભક્તિ–વ્રત–તપ વ્યવહારરત્નત્રયનો રાગ આદિ બધો શુભ રાગ તે અણાચાર છે. એ બધા શુભ રાગની ઉપેક્ષા છે, અપેક્ષા નથી એવા પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને અતીન્દ્રિય આનંદના વેદન સિવાયનું બધુંય અણાચાર છે. શુદ્ધાત્માની આરાધના, શુદ્ધાત્માની ઉપાસના, સન્મુખતા, એકાગ્રતા સિવાયનું બધુંય એટલે વ્યવહારરત્નત્રયનો બધોય શુભ રાગ તે અણાચાર છે. ભગવંત! પરમાત્મસ્વરૂપ જ તું છો પણ એ વાત કેમ બેસે? કુંદકુંદ આચાર્ય મહારાજ એમ કહે છે કે શુદ્ધાત્મા સિવાયનો બધોય રાગ એટલે કે અમારા તરફનો રાગ એ બધોય અણાચાર છે. પ્રભુ અણાચાર ભાવ એ તારું સ્વરૂપ નથી, એના પડખેથી ખસી જા. તારી સેવા સિવાયનું બધું અણાચાર છે. નિજ શુદ્ધાત્માની સન્મુખતા જ એક આચાર છે–એક જ પ્રતિક્રમણ છે.

## વૈરાગ્ય સમાચાર :—

સુરેન્દ્રનગરનિવાસી સૂરજબેન ગણેશદાસ શાહ (વર્ષ–૮૦) તા. ૨–૧૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી શ્રી વૃજલાલ હ્હેરચંદ (વર્ષ–૭૩) તા. ૬–૧૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી મિસ્ત્રી ગોવિંદભાઈ ખુશાલભાઈ (વર્ષ–૬૭) તા. ૧૮–૧૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી અંજવાળીબેન વી. સોગઠી (વર્ષ–૭૬) તા. ૧૬–૧૨–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ–મલાડ) અ. સૌ. જયોતિબેન રોહિતકુમાર ડગલી (વર્ષ–૩૦) એકાએક હેમરેજની બિમારીથી તા. ૩–૧–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ–કાંદીવલી) શ્રી ભાયચંદભાઈ પ્રાગજીભાઈ બોટાદરા (વર્ષ–૮૧) તા. ૧૧–૧–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્ગત આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

"પૂજ્ય શ્રી કાનજીસ્વામી દિ. જૈન વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ" ના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. તે માટે હિસાબ તથા વ્યવસ્થાનું કાર્ય સંભાળી શકે તેવી વ્યક્તિની આવશ્યકતા છે. લખો :—

વિશ્રાંતિગૃહ નિર્માણ યોજના,<br>
શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ,<br>
૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ,<br>
મુંબઈ–૪૦૦૦૦૨

---

## સરનામામાં ફેરફાર

હવેથી શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, ભાવનગરનું સરનામું નીચે મુજબ કરવું.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,<br>
પ્લોટ નં–૨, જૂની માણેકવાડી,<br>
"પંચામૃત" ની સામે,<br>
ભાવનગર–૩૬૪૦૦૧

જૂનું સરનામું C/o જે. હિંમતલાલ એન્ડ કું. લોખંડ બજાર, ભાવનગરને બદલે ઉપરોક્ત સરનામે પત્ર–વ્યવહાર કરવા વિનંતી.

[ હે અંધ પ્રાણી......પાનું ૩૧ થી ચાલુ ]
બેસવાનું સ્થાન નથી, તારે બેસવાનું સ્થાન તો અવિનાશી ભગવાન છે. હું મનુષ્ય છું, હું દેવ છું, હું રાજા છું—એ તું શું કરે છે? એ તો નાશવાન ચીજ છે, એ તારું પદ નથી. કોઈએ વિષ્ટા કરી હોય ત્યાં રાજા દારૂ પીને સૂઈ જાય, તેમ મોહનો દારૂ પીધેલો પોતાના સહજાનંદ પ્રભુને છોડીને આ અપદમાં સૂતો છે. આચાર્ય મહારાજ કરુણા કરીને કહે છે પ્રભુ! રાગથી રહિત શુદ્ધ પૂર્ણાનંદપ્રભુ બિરાજે છે ત્યાં આવ, ત્યાં નિવાસ કર, ત્યાં નિવાસ કર. તારું પદ તો આ છે, આ છે.

ચૈતન્ય ચમત્કારીક ચીજ પ્રભુ છે ત્યાં આવો, ત્યાં આવો, તારું પદ આ છે, આ છે. અવિનાશી આનંદ તારું પદ છે, પ્રભુ ત્યાં આવ ને? શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ એટલે કે દ્રવ્યે શુદ્ધ ને ગુણે શુદ્ધ એવી ચૈતન્યધાતુ નિજરસથી અતિશયતાને લીધે એટલે કે આનંદરસ, જ્ઞાનરસ આદિ અનંત અનંત રસની રસીકતાને લીધે સ્થાયી-ભાવપણાને પ્રાપ્ત છે તે તારું પદ છે, ત્યાં આવને!

તારું પદ તો શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ મોજૂદ છે. દયા–દાનના પરિણામ તારી ચીજને સ્પર્શતી નથી. એવી નિર્લેપ વસ્તુ પડી છે ત્યાં જા ને! નિજ શક્તિના આનંદરસથી ભરેલી ચીજ એ તારું પદ છે. શરીર આદિ નાશવાન છે ને તારું પદ સ્થાયી રહેનારું અવિનાશી છે. ધ્રુવ-ધામ એ તારું પદ છે, એ પદમાં આવી જા, જન્મ-મરણથી છૂટવું હોય તો અપદથી છૂટી જા ને તારાપદમાં આવી જા. જેમ પૂરણપોળી ઘીથી ટપકે તેમ તારું પદ આનંદના રસથી ટપકે છે, ત્યાં આવી જા, આવી જા. એ તારું અવિનાશી પદ છે તેનો આશ્રય કર તો તારા જનમ-મરણ ટળશે ને તારું કલ્યાણ થશે. [–શ્રી સમયસાર કળશ ૧૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## સરનામામાં ફેરફાર

હવેથી શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગરનું સરનામું નીચે મુજબ કરવું.

શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૮, સર પટ્ટણી રોડ, લોઢાવાળાની ચાલી,
ભાવનગર—૩૬૪૦૦૧ ( સૌરાષ્ટ્ર )

જૂનું સરનામું ૬૦૨, માણેકવાડી ને બદલે ઉપરોક્ત સરનામે પત્ર-વ્યવહાર કરવા વિનંતી.

# હે અંધ પ્રાણી! તારા નિજ પદમાં નિવાસ કર

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः ।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति ॥ १३८॥


શ્રીગુરુ સંસારી ભવીજીવોને સંબોધે છે—કે હે અંધ પ્રાણી! એટલે કે તારી જે ચીજ છે તેને તું દેખતો નથી માટે તું અંધ છો. અનાદિ સંસારથી માંડીને રાગી જીવ હું મનુષ્ય છું, હું દેવ છું—એમ પર્યાયે પર્યાયે અભિમાન કરે છે. ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ પ્રભુને દેખતો નથી તેથી તેને અહીં અંધ કહ્યો છે.

નિજ વસ્તુ તરફ તારો ઝૂકાવ નથી ને જે વસ્તુ તારી નથી એ પૈસા આદિમાં મત્ત થયો છે તેથી આચાર્યદેવ કહે છે કે હે અંધ પ્રાણીઓ!—બીજી ચીજને દેખે છે છતાં અંધ કહ્યો! શરીરમાં તારી દૃષ્ટિ પડી છે પણ પ્રભુ એ તારું પદ નથી, અપદ છે, અપદમાં તું સૂતો છો નાથ! તારા પદની સંભાળ કર. શરીર, વાણી, સ્ત્રી, કુટુમ્બ આદિને તારું પદ માનીને તું સૂઈ રહ્યો છો પણ એ તારું પદ નથી.

આહાહા! દ્વારકા સળગે છે, શ્રી કૃષ્ણ અને બળભદ્ર બળતી નગરીમાંથી નીકળે છે. હળહળ નગરી બળે છે, રાણીઓ આદિ બળે છે, કોણ બચાવે? પ્રભુ! તું અપદમાં સૂતો છો, તને કોણ શરણ થાય! રૂપાળા લાગતા શરીર એકવાર સળગશે. આ જ ભવમાં આ જ શરીર હળહળ સળગશે. પ્રભુ! એ તો અપદ છે, અપદમાં તારી ચીજ કયાં છે? આબરૂ, સ્ત્રી, પૈસા, મકાન એ તારું પદ નથી, અવિનાશી તારું પદ છે, એને ભૂલીને આ નાશવાન અપદમાં તારું પદ માની બેઠો અરેરે!

મા-બાપ બળતા હશે ત્યારે શ્રી કૃષ્ણ-બળભદ્ર શું કરતા હશે? અરેરે! જેની હજારો દેવ સેવા કરતા હતા તેની દ્વારકા સળગી ત્યારે શ્રી કૃષ્ણ કહે છે કે ભાઈ! આપણે જશું કયાં? આહાહા! જુઓ તો ખરા! અપદમાં તને શરણ કયાં છે! શરીરની તું સંભાળ કરવા જાય છે પણ એ તો અપદ છે, એ તારે

[ અનુસંધાન પાનું ૩૦ ઉપર ]



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) સંસારમાં ભોગ-ઉપભોગની પ્રાપ્તિથી જેટલું સુખ થાય છે તેને અને તે ભોગ-ઉપભોગના નાશથી જેટલું દુ:ખ થાય છે તેને સરખાવીએ તો ભોગ-ઉપભોગની પ્રાપ્તિથી થતાં સુખ કરતા ભોગ-ઉપભોગના નાશથી થતું દુ:ખ અત્યંત અધિક છે.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૨૪૯)

(૨) લોકનો સમાગમ કરવો તે અમને દુ:ખરૂપ લાગે છે. ધનવાનોનો સમાગમ તેથી પણ વિશેષ દુ:ખરૂપ ~~લાગે છે અને~~ ભૂપતિને મળવું તે તો મરણ તુલ્ય દુ:ખદ લાગે છે. એકલી એકાંતદશા અમને પ્રિય લાગે છે. ઇચ્છારૂપી અગ્નિથી મૂર્ખ જીવો બળી રહ્યાં છે, ઇચ્છા રહિત નિ:સ્પૃહી મહા સુખી છે. ધાનતરાયજી કહે છે કે જ્ઞાની નિ:સ્પૃહ નિર્વાંછક થઈને કર્મની સર્વ પ્રવૃત્તિને ટાળે છે.

(ધાનત વિલાસ, સવૈયા-૨૩)

(૩) જે પુરુષ કામરૂપી અગ્નિથી પીડિત થઈને, મૈથુન વડે તે પીડાને શાંત કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ ઘી વડે અગ્નિને શાંત કરવા માગે છે.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩ ગાથા-૧)

(૪) જુઓ પરિણામોની વિચિત્રતા! કે-કોઈ જીવ તો અગિયારમાં ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પામી પાછો મિથ્યાદૃષ્ટિ બની કિંચિતન્યૂન અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ સુધી સંસારમાં રખડે છે ત્યારે કોઈ જીવ નિત્યનિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છૂટી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, એમ જાણી પોતાના પરિણામ બગડવાનો ભય રાખવો તથા તેને સુધારવાનો ઉપાય કરવો.

(આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક. અધિકાર ૭ પૃષ્ઠ ૨૫૮-૫૯ (ગુજરાતી))

તંત્રી: ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત: ૩૫૦૦
પ્રકાશક: શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250
મુદ્રક: મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦]